જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૨/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૨૧	૧	૧૧૨૨૨	૧૭૩૫૨	૧	૧૭૩૫૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૬	૦	૬૬	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૦૩	૬	૨૮૮૦૯	૩૦૦૬૭	૧૧	૩૦૦૭૮
કુલ		૪૪૭૯૨	૭	૪૪૭૯૯	૫૩૯૧૦	૧૨	૫૩૯૨૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૭	૧૦,૪૪,૮૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૯૧	૭,૯૧,૦૦૦/-

વાયરલ થયેલ વિડીયો આધારે આરોપીની અટકાયતની વિગત

રામોલ પોલીસ સ્ટેશન

કર્ફ્યુ ભંગ કરી જાહેરમાં બર્થ ડે પાર્ટીમાં તલવાર વડે કેક કાપી બર્થ ડે ની ઉજવણી કરતા ઈસમોની વાયરલ થયેલ વીડીયો આધારે ઓળખ કરી ગુનામા વાપરેલ હથીયાર તલવાર સાથે ઝડપી પાડતી રામોલ પોલીસ

તાજેતરમાં સોસીયલ મીડીયા ઉપર એક ઈસમ હાલના કર્ફ્યુ અનુસંધાને મોડી રાત્રીના સમયે સ્ટેજ ઉપર ચડી પોતાના હાથમાં તલવાર જેવુ હથીયાર લઈ કેક કાપતો હોવાનો વિડિયો વાયરલ થયેલ હોય જે વીડીયો અત્રેના રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારનો હોવાનુ જણાતા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:-૦૧/૦૨/૨૦૨૧ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા અ.પો.કો લાલજીભાઈ જહાભાઈ બ.નં.૬૪૬૨ તથા પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ બ.નં.૫૬૦૪ તથા પો.કો ચેતનભાઈ રણછોડભાઈ બ.નં.૭૬૭૬ નાઓએ ખાનગી રાહે તપાસ કરી કરાવતા જાણવા મળેલ કે મકાન નં.૪ નારાયણ બંગ્લોઝ માધવ ફાર્મ પાછળ વસ્ત્રાલ અમદાવાદ શહેર ખાતે રહેતો વિશાલ ઉર્ફે મોન્ટુ મુકેશભાઈ પંડ્યા નાએ તા:૩૦/૦૧/૨૧ ના રોજ રાત્રીના બારેક વાગ્યાના અરસામાં પોતાની સોસાયટી ના કોમન પ્લોટમાં બર્થ ડે પાર્ટીનુ આયોજન કરેલ હોય અને તલવાર વડે કેક કાપેલ હોવાનુ જણાઈ આવતા આરોપીઓ નં.૧ વિશાલ ઉર્ફે મોન્ટુ મુકેશભાઈ પંડ્યા ઉવ:૩૩ રહે:૪ નારાયણ બંગ્લોઝ માધવ ફાર્મ પાછળ વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા નં.૨ બ્રીજશકુમાર યગ્નેશકુમાર મહેતા ઉવ:૨૭ રહે:ઈ/૩૦૪ વૃન્દાવન વીહાર ફ્લેટ આર.એફ.કેમ્પની સામે વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર તથા નં.૩ આશીષકુમાર બળદેવભાઈ દેસાઈ ઉવ:૨૪ રહે:૧૩૫ કેવડાવાળી સોસાયટી સુરેલીયા રોડ રામોલ અમદાવાદ શહેર તથા નં.૪ વિપુલભાઈ કાનજીભાઈ દેસાઈ ઉવ:૩૧ રહે:૭/૨૧૬ સત્યમનગર અમરાઈવાડી અમદાવાદ શહેર તથા નં.૫ રાજન કાળુભાઈ રબારી ઉવ:૨૫ રહે:૨૮ જુની રબારી વસાહત જશોદાનગર અમદાવાદ શહેર નાઓને ગુનાના કામે વાપરેલ હથીયાર તલવાર સાથે પકડી તમામ આરોપીઓ વિરૂધ્ધ અત્રેના રામોલ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧૦૧૯૯-બી ધી ઈપીકો કલમ ૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરી તમામ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરેલ છે

મોબાઈલ ઝુટવી લેનાર આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

રાહદારીઓના મોબાઇલો ઝુટવી લેનાર બે ઇસમોને મુદામાલ સાથે પકડી લોતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સ્ટાફ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીઝન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી તથા પો.ઇન્સ આર.આર.બંસલ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા અ.મ.સ.ઇ. નરેન્દ્રકુમાર પુનમચંદ બ.નં.૩૭૧૬ તથા અ.લો.૨ નરેન્દ્રસિંહ બહાદુરસિંહ બ.નં.-૧૩૨૭૧ નાઓ વન ગાડી વ્હિકલમાં પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન તેઓને મળેલ બતામી હકિકત આધારે જમાલપુર ચાર રસ્તા પાસે વોચમાં રહી ઇસમો નામે નં.(૧) વિજય ઉર્ફે તાઉ સ/ઓ રમેશભાઇ જાતે-બોડાણા ઉ.વ.૨૮ ધંધો છુટક મજુરી તથા આરોપી નં.(૨) દીપક સ/ઓ રઘુભાઇ જાતે-મકવાણા ઉ.વ.૨૦ ધંધો-છુટક મજુરી બન્ને રહે- આનંદજી કલ્યાણજીની ગલી પાસે પીઠાજીમાનાજીની ચાલીમાં બહેરામપુરા અમદાવાદ શહેર નાઓ પાસેથી મોબાઇલ ફોન નંગ ૫ જેની કુલ્લેકિ.રૂ.૧૮૭૦૦/- ની મતાની કબ્જે કરી સદરી મોબાઇલ બાબતે તપાસ કરતા સદરી બાબતે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.એ-૦૧૧૮/૨૦૨૧ ધી.ઇ.પી.કો કલમ-૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જેથી સદરી ઇસમોને સી.આર.પી.સી કલમ-૪૧(૧)(ડી) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે.



શાકભાજીના થેલા ઝુટવી લેનાર આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

જમાલપુર શાક માર્કેટમાથી શાકભાજીના થેલા ઝુટવી લેનાર ઇસમને ગણતરીના કલાકોમાં પકડી લોતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોવોર્ડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીઝન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી તથા પો.ઇન્સ આર.આર.બંસલ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ અત્રેના પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ગુ.ર.નં.A-૧૧૧૯૧૦૨૧૨૧૦૧૬૮/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ-૩૭૯(એ)(૩) મુજબના ગુન્હાના કામે આરોપીને શોધી કાઢવા સુચના આપેલ હોય જેથી સર્વેલન્સ સ્કોવોર્ડના અ.હેડ.કોન્સ દિલીપસિંહ બળભદ્રસિંહ તથા સ્ટાફના માણસોએ સદરી ઇસમની માહિતી મેળવી ઇસમ નામે રમજાની સ/ઓ અનવરભાઈ શેખ ઉ.વ.૨૨ ધંધો.છુટક મજુરી રહે. ચેપી રોગ દવાખાનાની આગળ ઢોર બજાર દાણીલીમડા અમદાવાદ શહેર નાઓ સદરી ગુન્હાના કામે ગણતરીના કલાકોમાં શોધી કાઢી ઉપરોકત ગુન્હાના કામે અટક કરી સારી કામગીરી કરેલ છે.



નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ઘાટલોડીયા, એલિસબ્રિજ તથા સેટેલાઈટ પોલીસ સ્ટેશનના ગુનાઓમાં છેલ્લા દશેક વર્ષથી નાસતા ફરતા આરોપીને મહારાષ્ટ્રથી પકડી પાડતી નારોલ પોલીસ એબ્સ્કોન્ડર ટીમ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેરનાઓ તરફથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવાની ડ્રાઈવનુ આયોજન કરવામાં આવેલ જે અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ નાઓએ નારોલ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબનાઓને નારોલ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસોની એક ટીમ બનાવી મહારાષ્ટ્ર ખાતે મોકલી આપવા જણાવેલ જે આધારે પો.ઈ.શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશનથી પો.સ.ઈ.આર.આર.અમલીયાર સાહેબ તથા હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન તથા પો.કો.વિરેન્દ્રસિંહ રુપસિંહ તથા પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ તથા પો.કો.વિપુલ લાભુભાઈ નાઓને મહારાષ્ટ્ર ખાતે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે મોકલી આપતાં ઉપરોકત ટીમના માણસોએ ટેકનીકલ એનાલિસીસ તેમજ બાતમી આધારે મહારાષ્ટ્ર રાજયના ઓરંગાબાદ જીલ્લાના કન્નડ વિસ્તારમાં જઈ તપાસ કરતાં વોન્ટેડ આરોપી તન્વીરઅલી અખ્તરઅલી જાફરી (ઈરાની) રહે.ખ્વાજાનગર અમલનેર મહારાષ્ટ્રવાળો મળી આવતાં સદરી આરોપી એલિસબ્રિજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૫૯૭/૨૦૧૦ ધી ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૪૧૧, ૧૭૦, ૧૧૪ તથા સેટેલાઈટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૦૭/૨૦૧૦ ધી ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ તથા ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૦૮/૨૦૧૦ ધી ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ત્રણ ગુનાઓમાં વોન્ટેડ હોય જેથી સદરી આરોપીને પકડી સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ એલિસબ્રિજ, ઘાટલોડીયા તથા સેટેલાઈટ પોલીસ સ્ટેશનના ગુનાઓમાં અટક કરવા સારુ વર્ધી લખાવી જરુરી કાર્યવાહી તજવીજ કરી અમદાવાદ શહેરના ત્રણ પોલીસ સ્ટેશનના ગુનાઓમાં છેલ્લા દશ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૨/૦૨/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

(૧) પો.સ.ઈ.આર.આર.અમલીયાર સાહેબ
(૨) હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન
(૩) પો.કો.વિરેન્દ્રસિંહ રુપસિંહ
(૪) પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ
(૫) પો.કો.વિપુલ લાભુભાઈ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૩૧૮ લીટર દેશી દારૂ, ૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ. ૧૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૩/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ જતીનકુમાર રમેશભાઇ પટેલ (ઉ.વ.૨૮) (રહે. અન્નપુર્ણા રેસીડન્સી માધવ ઇન્ટરનેશનલ સ્કુલ પાસે વસ્ત્રાલ) એ તા.૦૧/૦૨/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૮/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ જતીનકુમરને અલગ-અલગ નંબર થી ફોન કરી ઓ.એન.જી.સી.કંપનીમા નોકરી આપવાની વાત કરી મોબાઈલ નંબર ૯૩૧૩૭૩૩૮૦૫૧, ૬૩૫૬૦૩૮૭૫૩ અને ૮૮૬૬૮૭૮૩૭૨ ના ધારકોએ મનુભાઇ પટેલ તથા મોબાઈલ નંબર ૮૭૩૪૯૩૧૩૩૭ ના ધારકે ભાર્ગવ તથા મોબાઈલ નંબર ૯૧૫૭૧૦૧૭૮૯ ના ધારકે વાસુભાઇ પટેલ નામ જણાવી અલગ-અલગ બેન્કના ખાતાઓમાં કુલ રૂપિયા ૩,૯૫.૦૦૦/- ભરાવડાવી નોકરી નહી આપી કે ભરેલા નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.કે.ગમાર ચલાવે છે.

નવરંગપુરાઃ સારંગ દગડુજી મોરે (ઉ.વ.૫૫) (રહે. મનહર કોલોની ધીરજ હાઉસીંગ પાછળ હરીપુરા મણીનગર) એ તા.૦૧/૦૨/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧/૨૦૨૧ બપોરના ૧/૩૦ થી ૧/૪૫ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૬૨૮૯૦૦૭૦૮૭ ના ધારકે સારંગ મોરેને ફોન કરી પેટીએમ કસ્ટમર કેરમાંથી વાત કરતા હોવાનુ જણાવી સારંગ મોરેનુ પેટીએમ કે.વાય.સી. અપડેટ કરવાનુ કહી વિશ્વાસમાં લઇ સારંગ મોરેના આઇ.સી.આઇ.સી.આઇ.બેંકના ડેબીટ કાર્ડ નંબર મેળવી લઇ બેન્ક તરફથી લોગ ઇન આઇડીનો મેસેજ આવતા નેટ બેકીંગ માટેનો પાસવર્ડ બનાવડાવી બેન્કના ખાતામાંથી રૂપિયા ૭૩,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

સરખેજ: ચિંતન રમેશચંદ્ર દુધિઆ (ઉ.વ.૩૪) (રહે. સહજ સોલારીયમ-૨ જી.બી.શાહ કોલેજ પાછળ રાજયશ સીટી વાસણા) એ તા.૦૧/૦૨/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સરખેજ ધોળકા રોડ નવા વણઝર ગોપાલ વજન કાંટા સામે ધરમ એસ્ટેટ ગોડાઉન નં.૫,૬ ખાતે ગોડાઉનમાં સર્વીસ એકઝિકયુટીવ તરીકે નોકરી કરતા આરોપી આકીબહુસેન ઇકબાલહુસેન કુરેશી (રહે. સોદાગરની પોળ જમાલપુર ચકલા જમાલપુર) એ પોતાને સોપાયેલ અધિકારનો દુર ઉપયોગ કરી તા.૨૨/૦૮/૨૦૨૦ થી તા.૦૨/૧૧/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાનમાં વડોદરા અક્ષર ચોક શુભાનપુરા રોડ કોર્પોરેશન ગાર્ડન સામે ફલોરેન્સ પ્રાઇડ કોમ્પલેક્ષમાં એફ.એફ./૧૨ જેનો મીની ડી.એલ.સી.પી.એમ-૦૪૨૦ ના અધિકૃત માલિક જસુબેન અવિનાશ રાઠવા (રહે.સત્સંગ બંગ્લોઝ અક્ષર બંગ્લોઝ સામે સાન ફારમા રોડ વડોદરા) નાઓને ખોટી લોભામણી લાલચ આપી કંપનીની અલગ-અલગ પ્રોડકટ કિમત રૂપિયા ૧૯,૨૮,૮૩૦/- માલ ઓન એકાઉન્ટ મોડ પ્રમાણે કંપનીની એપૃવલ વગર મોકલી આપી પોતાના બેન્ક ખાતામાં જમા કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

વાડજ: જય કરૂણેશ શાસ્ત્રી (ઉ.વ.૩૨) (રહે. જયઅંબેનગર સોસાયટી થલતેજ) એ તા.૦૧/૦૨/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૨/૨૦૨૦ થી તા.૨૧/૦૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન નવા વાડજ ભીમજીપુરા ચાર રસ્તા પાસે નંદનપાર્ક શોપીંગ સેંટર ખાતે આરોપી જય હરેકિષ્ણા ગારમેન્ટ પ્રોપરાઈટર બીપીનભાઈ ભરતભાઈ ગોહીલ (ઠે. દુકાન નંબર-૨૬૫ સેકન્ડ ફ્લોર રાજલક્ષ્મી માર્કેટ ધીકાંટા) એ જય શાસ્ત્રીને વિશ્વાસમાં લઇ ગારમેન્ટનો માલ બનાવડાવી માલના થતા ૪,૮૮,૦૪૦/- રૂપિયાના ચેક આપી ખાતાનુ પેમેન્ટ સ્ટોપ કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u> **<u>સમાચાર યાદી નં.૨૨૪/૨૦૨૧</u>**

"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન: સમીરખાન અકબરખાન પઠાણ (રહે. મિરઘાવાડ પાંચકુવા નવીમોલત મહોલ્લા પાસે કાલુપુર) તા.૦૧/૦૨/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે સલમાન ગુલામશુર શેખ (ઉ.વ.૨૨) (રહે.શામીયાના ફ્લેટ સોદાગરની પોળ કાલુપુર) ને એક્ટીવા પાછળ બેસાડી સ્વામીવિવેકાનંદ બ્રીજ બીઆરટીએસ બસ સ્ટેન્ડ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્ય ફોર વ્હીલ ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા બન્નેને ઈજાઓ થઈ હતી, જેમાં સલમાન શેખને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એએમ.વી.પી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ સમીરખાન પઠાણે "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એન.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ - **સમાચાર યાદી નં.૨૨૫/૨૦૨૧**

એલીસબ્રીજઃ (૧) પાર્થ સ/ઓ પ્રવિણભાઇ ગોહીલ (ઉ.વ.૨૬) (રહે. સૌરાષ્ટ્ર સોસાયટી ભુદરપુરા રોડ આબાવાંડી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પર્વતસિહ વેચાયતભાઇ ચલાવે છે.

એલીસબ્રીજઃ (૨) હીરાભાઇ નાગજીભાઇ મુછડીયા (ઉ.વ.૬૧) (રહે. લીલાબેનની ચાલી આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૨૧ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પર્વતસિહ વેચાયતભાઇ ચલાવે છે.

બાપુનગરઃ (૧) નિલેશ સ/ઓ ચંદ્રકાંત ક્રિશ્ચન (ઉ.વ.૪૭) (રહે. આનંદ ફલેટ લા.બા.શાસ્ત્રી સ્ટેડિયમ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં કુવારા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હાર્દિકકુમાર દુર્ગાશંકર ચલાવે છે.

બાપુનગરઃ (૨) ભરતભાઇ વિશ્વનાથ પદ્મશાળી (ઉ.વ.૩૯) (રહે. હરદાસની ચાલી નવલખા બંગલા પાસે બાપુનગર) એ બિમારીથી કંટાળી તા.૨૫/૦૧/૨૦૨૧ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૨/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

અમરાઇવાડીઃ અમરાઇવાડી મહાલક્ષ્મીનગર ચાર માળીયા ખાતે પોતાની નાનીના ઘરે રહેતી કશીસ ઉર્ફે કિંજલબહેન ઉર્ફે ટકી ડો/ઓ નટુભાઇ ચાવડા (ઉ.વ.૧૪) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૨૧ સવારના ૧૦/૧૫ વાગ્યા પહેલા નાનીના ઘરે પંખાના હુકમાં કાપડની પટ્ટી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધ આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.બાવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી